# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY



# "ઓપરેશન સિંદુર" ની ભવ્ય સફળતા બદલ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીને હાર્દિક અભિનંદન પાઠવાતા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ....

પહેલગામમાં થયેલ આતંકી હુમલામાં ભારત દેશના નિર્દોષ લોકોના મૃત્યુ થતાં સમગ્ર દેશ ઘેરા શોકમાં આવી ગયેલ હતો ત્યારે સમગ્ર ભારત દેશવાસીઓના મનમાં એક જ વાત હતી કે આ આંતકીઓએ કરેલ અધમ કૃત્ય સામે ભારત દેશ કડકમાં કડક કાર્યવાહી કરશે જ અને અવસાન પામેલા સ્વજનોના પરિવારોને સાંત્વનારૂપે શ્રધ્ધાંજલી મળશે.

આ આંતકી હુમલા પાછળના માસ્ટર માઈન્ડોને તેની જ ભાષામાં જવાબ આપવા અને દેશની દિકરીઓના સિંદુર ઉજાડવાની કિંમત વસુલવા માટે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વડપણ હેઠળ ભારતીય સેનાના જવાનોએ ભારતની સીમા ઓળંગી પાકિસ્તાનની અંદર ઘુસીને "ઓપરેશન સિંદુર" થકી એરસ્ટ્રાઈક કરીને આંતકવાદીઓના ૯ જેટલા તાલીમ સેન્ટરોનો ખાત્મો કરી નાખ્યો છે. આમ આ "ઓપરેશન સિંદુર" થી ભારત દેશએ મેળવેલ ભવ્ય સફળતા બદલ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીને ખુબ ખુબ અભિનંદન પાઠવે છે. તેમજ આ તકે આ એરસ્ટ્રાઈકમાં પોતાના જીવના જોખમની પણ પરવા કર્યા વગર ભારતીય સેનાના તમામ જાંબાઝ જવાનોને તેમના સફળ ઓપરેશન બદલ પણ અભિનંદન પાઠવેલ છે. આમ આતંકી હુમલામાં અવસાન પામેલા તમામ સ્વજનોના પરીવારને "ઓપરેશન સિંદુર" થકી ખરા ખર્થમાં શ્રધાંજલી અર્પણ થયેલ છે.

વધુમાં આંતકીઓને પ્રોત્સાહક બળ અને પીઠબળ પુરૂ પાડતાં માસ્ટર માઈન્ડો અને આકાઓને આધુનીક અને નીડર ભારતની ચેતવણી સાથે એ પણ સંદેશો આપ્યો છે કે ભારત દેશ એ શાંતિપ્રિય દેશ છે ત્યારે જો કોઈપણ ભારત દેશની શાંતિ અને સલામતી ડહોળવાનો પ્રયાસ કરશે તો તેને તેની જ ભાષામાં જવાબ આપવા દેશ સક્ષમ અને તૈયાર છે. આમ ફરીવાર "ઓપરેશન સિંદુર" ને આવકાર સાથે અભિનંદન પાઠવાતા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સમગ્ર દેશની જનાતા ગૌરવની લાગણી અનુવભે છે. તેમ પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની અખબારી યાદીમાં જણાવેલ છે.